શ્રી નવીન.

# સૂર્ય કમલા નાટકનાં

## ગાયનો.

રચ્યો પ્રસિદ્ધ કર્તા,

ભાઇલાલ મગનભાઇ પટેલ.

સોજીત્રા.

આવૃત્તિ ૧ લી.



અમદાવાદ આર્યોદય પ્રેસમાં છાપ્યું છે.

સંવત ૧૯૫૩ સને ૧૮૯૭.

કિંમત રૂ. ૦-૨-૦ [ બે આના ].

# सूर्य कमला

## નાટકનો પ્રવેશવાર સંક્ષેપમાં સાર.

### અંક ૧ લો.

૧—પ્રારંભમાં રાજબારોટ આવી સૂર્યસેનને કમળાવતિની સૌંદર્યતા
કહી સંભળાવે છે. સૂર્યસેન પ્રેમવશ થાય છે. કશ્યપસેન તેની
પાસે આવી ઠપકો દેછે, તે નહીં માનવાથી તેને દેશનિકાલ કરે છે.

૨—દેશનિકાલને પાત્ર થએલો સૂર્યસેન શહેર બહાર નિકળે છે. પા-
છળથી તેનો મિત્ર તારાચંદ તેની પછવાડે વિદેશ જાય છે.

૩—દરિયાપૂરના રસ્તા તરફ ચાલતાં માર્ગના વનમાં સૂર્યસેનને ચો-
ર લોકો તરફથી આપત્તિ—તેમાંથી બચીને નાસવું.

૪—સૂર્યસેનનું દરિયાપૂરની ભાગોળે સહીસલામત આવવું.

૫—સારાં રૂપ, ગુણ, વિદ્યા, સૌર્ય તથા સમાન વય. એવા પતિની
આકાંક્ષા રાખનાર, સતિ શિરોમણી કમળાવતિની સાહેલીઓ
સાથે વાતચીત.

૬—સ્વયંવરમાં આવેલા રાજાઓનો કમળાવતિ કોને વરશે, તે બા-
બતનો ગામના પાદરે વિચાર.

૭—સ્વયંવરની અંદર બેઠેલા રાજાઓમાં પોતાના લાયક વર ન-
જર નહીં આવવાથી કમળાવતિનો શોક-સૂર્યસેનનું આવવું-ક-
મળાવતિનો તેના પ્રતિ પ્રેમ-તથા વરવું.

૮—સૂર્ય કમળાની એકાંત બેઠક. સ્ત્રી પુરૂષનો આનંદ.

૯—વિજળસેન પાસે વનમાં જવાની રજા લેવા સૂર્યસેનનું જવું.

૧૦–સ્વપ્નાવસ્થામાં દુઃખી થતી કમળાવતિનો ગભરાટ–સૂર્યસેનનું આવવું–સ્વામીની સાથે વનમાં જવા સારૂ કમળાવતિનું તૈયાર થવું.

૧૧–કમળાવતિનું વનમાં જવા સારૂ પિતા પાસે રજા લેવા જવું.

૧૨–વનમાં કમળાવતિ ને સૂર્યસેન--હરણનું આવવું–કમળાવતિને એકલી મૂકી સૂર્યસેનનું હરણ પાછળ પડવું–અલિસેનનું આવવું–બળાત્કારે કમળાવતિ હરણકરવી.

## અંક ૨ જો.

૧—અલિસેનનો રાજદરબાર—કામદોપથી સરદારોનું અપમાન.

૨—સૂર્યસેનના મિત્ર તારાચંદનું મલૂક નામના વાણીયાની સ્ત્રી સાથે જોડાવવું. મલૂકચંદની વિજળી આગળ વિનંતી. ઘેર લઇ જવાની મલૂકચંદની વૃથા કોશીશ.

૩—કમળાવતિને પોતાની સાથે વરવા અલિસેનનું કહેવું.

૪—વનમાં કમળાવતિની ખોળ સારૂ સૂર્યસેનનું ફરવું.

૫—કમળાવતિનાં માત પિતાએ તેઓ નહીં આવવાથી શોધ કરવા સારૂ ચોતરફ સૈન્ય મોકલ્યું.

૬—કમળાવતિ પ્રત્યે અલિસેનનો આગ્રહ–અપમાન થવાથી કમળાવતિને મારી નાંખવા હુકમ–દરમિયાન તારાચંદની ફરીયાદ–કમળાવતિનું ઊગરવું–તારાચંદ ને અલિસેનની દોસ્તી.

૭—તારાચંદનો અત્યાનંદ–મલૂકચંદનું શોકજનક ભાષણ.

૮—શોકાતુર કમળાવતિ–તારાચંદનો દિલાસો આપવો–રાજાનો વહેમ–તારાચંદનું સમજાવવું—રાજાનું જવું–સદાવ્રત લેવા આવેલ સ્ત્રીનાં લૂગડાં પહેરાવી કમળાવતિને તારાચંદ પોતાને ઘેર લઇ જાય છે.

૯–દરિયાપૂરનું લશ્કર પુષ્પાવતિની ભાગોળે આવે છે. તારાચંદની

મારફત કમળાવતિ વિજળસેનપર કાગળ લખી મોકલે છે. અલિફસેનનો ક્રોધ—તારાચંદનું શાંત પાડવું.

૧૦—વિજળસેનનો રાજદરબાર—કમળાવતિ તથા સૂર્યસેન નહીં આવવાથી તેનો શોક—ખબર આવ્યાથી વિજળસેનના લશ્કરને પુષ્પાવતિ તરફ નિકળવા હુકમ.

## અંક ૩ જો.

૧—અલિસેન અને વિજળસેનનું યુદ્ધ. અલિસેનની હાર.

૨—પુત્ર વિયોગી કશ્યપસેનનો શોક—સૂર્યસેનને શોધવા સારૂ માણુસને મોકલવો.

૩—સૂર્યસેનનું પુષ્પાવતિની ભાગોળે આવવું—અલિસેનનું મોહને ધિક્કારવું—કશ્યપસેનના માણુસનું આવવું.

૪—કમળાવતિનો પતિવિયોગનો શોક—સૂર્યસેનનું આવવું—અલિસેન મોહાંધ થઈ ફરીથી દાખલ થવું—કમળાવતિનો તિરસ્કાર પામી પાછા જવું.

૫—અલિસેનનો સ્ત્રી, રાજ્ય, ધન આદિક સર્વ ત્યાગ કરી સાધુ થઇ વનમાં વાસ કરવાનો વિચાર.

૬—કશ્યસેનનું રૂંધાઈ ગએલું મન, આકાશવાણી-ખોળે ગએલા માણુસનું આવવું—દરિયાપૂર જવા નિસરવું.

૭—સૂર્યસેનનું પિતાનો પ્યાર યાદ આવવાથી શોકાતુર થવું—કમળાવતિની ધિરજ.

૮—વિજળસેનનો દરબાર—કશ્યપસેનનું આવવું— મિત્ર પ્રત્યે પ્રિતીનું પ્રદર્શન—બાદ સર્વ પાત્રો મળી સમાપ્તિની સ્તુતી કરેછે.

(સમાપ્ત.)

આ નાટકમાં ગાયનોની અમુક તરજો નવી કલ્પનાથી ઘડી કાઢી દાખલ કરેલી છે. } ભાઇલાલ મગનભાઈ પટેલ, ગ્રંથકર્ત્તા.

# મુખ્ય પાત્રોનાં નામ.

---

કશ્યપસેન..............સૂર્યપૂર નગરનો રાજા.

સૂર્યસેન..................તેનો પુત્ર.

વિજળસેન..............દરિયાપૂર નગરનો રાજા.

પંકાવતિ............ ...તેની સ્ત્રી.

કમળાવતિ..............તેની પુત્રી.

કુમૂદ....................કમળાવતિની બેન.

અલિસેન......... ......પુષ્પાવતિ નગરીનો રાજા.

મલૂકચંદ......... ......પુષ્પાવતિનો વાણીઓ.

વિજળી.................તેની સ્ત્રી.

તારાચંદ................સૂર્યસેનનો મિત્ર.

માનસિંહ..............<br>
ચંદ્રસેન ..............<br>
રાજસિંહ..............<br>
વિજયસેન... ...... ...<br>
અમરસિંહ...... .. ...<br>
પ્રતાપસેન... ...... ...

} કમળાવતિના સ્વયંવરમાં આવેલા પરદેશી રાજાઓ કે રાજકુમારો.

આ સિવાય ચોર લોકો, સાહેલીઓ, દરબારીઓ, કાંચનીઓ, લશ્કર, રાજબારોટ, સેનાપતિ, મહામંગળ વિગેરે પાત્રો આવે છે.

॥श्री परमात्मने नमः॥

श्री.

# સૂર્યકમળા નાટકનાં ગાયનો.

**સૂત્રધાર-નટી—** **૧**

**મંગળાચરણ.**

ધરમ ધરણુ સુખદ કરણુ પ્રભુ પ્યારા. (૨)
મન મારૂં કરે તું કરષ, શાંત કર નયન તરસ.
આપ આજ વખત સરસ, સુખ સારાં સારાં. (૨)—પ્રભુ.
ઇંદ્ર ચંદ્ર ને કુબેરના હે સ્વામી, કરજોડી નમું તને
બહુ નામી, નવ થાય નાટય માંય કાંઇ ખામી;
કાપ દુઃખ ધરી પ્યાર, કર સુખના અંબાર;
કુકું છેદ કર્મ જાર, આપ અતિ સુવિચાર;
કામ વિષય મોઝાર, પડયા પાપીઓ ઊગાર;
કર સુખી આ સંસાર, સહાય થાવ કિરતાર;
ન રહો ન્યારા ન્યારા. (૩)— પ્રભુ.

**સૂર્યસેન—** **૨**

રાગ—(હાં લટક ચટક છટક—એ રાહ).

હાં જરૂર જરૂર જરૂર તને આ મનમાંહે ધારીરે.
તન મન મારૂં તેં મુઝાવ્યું, કર્યો નષ્ટકારીરે, આવારીરે—હાં.

સુકોમળ રૂપ તારૂં, જોઇને છું આભારીરે, મનોહારીરે—હાં.
સૂર્ય કમળની જોડ જગતમાં, શોભા આપે સારીરે,
પ્રાણપ્યારીરે—હાં.

કશ્યપસેન— ૩

રાગ. (નિર્બળ શત્રુ સબળ રાજ્યપર—એ રાહ)
વદ વિચારી, શું ગજકુમારી, ગર્દભ લેવા ધારેછે.
નથી સુણેલ જે અજ આવીને, સિંહણ સુતને મારેછે.
વાત કર નહીં ફરી, જાણી મને તું અરી.
આવું વચન વદતાં, પાપી જાને તું મરી.
બાપ પાસે તેં લગારે નહીં શરમ ધરી—વદ.

સૂર્યસેન— ૪

રાગ.—(ચિત ચોરી એ ચાલી ચાલી એ—ચાલી એ–એ રાહ.
મનમાંહે એ માની માનીનિ--માનીએ.
મનહર મુખથી દુઃખ ઉચરતી, સુખ તજી વિરહથી ઝરતી,
રતિ પતિ વિન પોતે મરતી, ગાન તાન સુરજનું કરતી,
ચંચળ દ્રષ્ટિથી મન હરતી, વિરહ અગ્નિથી બળતી બળતી,
હૃદય મહીં—મન૦

કશ્યપસેન— ૫

ક્ષત્રી કલંક.

અરે દુષ્ટ દુર્મુખ એ બાળ, ઉભો ન રહે પાસ મારીરે;
તારૂં મુખ જોઈ ઉપજે છે કાળ, અનીતિ જોઇ આજ તારીરે.
દુષ્ટ વદી સાહસની વાણ; ઉભો૦
પાપી ખોટી અવગુણની ખાણ. અનીતિ૦

ખાજ સિંહનું અજ શું ખાય; ઉભો૦
કમળા સુ વરનાર જુદાય. અનીતિ૦
મોહ કેરી લાગી છે તને ઝાળ; ઉભો૦
તને દઊં છું હું દેશ નિકાલ. અનીતિ૦

**સૂર્યસેન—** ૬

રાગ—( દાસે આજ્ઞાવત્ અનુસરવું— એ રાહ. )

પુત્રે પિતાનું કહ્યું કરવું, કહ્યું કરવું ન ગમ્યું કરવું— પુત્રે૦
ન્યાય અન્યાય પણ તાત કહેતો, સહેજ થકી પોતે મરવું— પુત્રે૦
દેશવટો આજ દીધો પિતાએ, અઘોર વનમાં વિચરવું— પુત્રે૦
દરિયાપૂરને રસ્તે ચાલવું, શોક તજી ચિત્તમાં ઠરવું— પુત્રે૦

**તારાચંદ—** ૭

રાગ—સીંહાનો કનરો.

મિત્ર મુકી મને ક્યાં ગયો આજે, જાઊં વિદેશે હું પણ તુજ કાજે;
અપરાધ તારો મોટો ગણીને, દેશનિકાલ દીધો મહારાજે. મિત્ર૦
ઉપાય મારો બીજો નથી હવે, મુજ મન ચિંતાથી ચિતાથી દાઝે. મિત્ર૦
ઉપકાર તારો ભુલી જઊં તો, જનક જનની મારાં લાજે. મિત્ર૦
પૂરણ પ્રાક્રમ કરજે એવાં, દેશ વિદેશમાં કિર્તી ગાજે. મિત્ર૦

**ચોરલોકો—સૂર્યસેન—** ૮

રાગ—( માર નહીં નેન કટારી )—એ રાહ.

હેંડો લ્યા હઉ એક વારી.
અંધ આયો સે એક સોકરો, રો સુ વસારીરે. હેંડો૦
સીનવી લ્યો એનું હગળું મારી, મ્યમ આયો એ

હું આંબે ધારી, ના જૈએ આપણુ તો હારી; સે ગણુકારીરે૦
નહીં વઢો કોય વિચારી,
ચાર બાણુ ફેંકું હુ ચો દીશે, પાસે મારીરે૦ નહીં૦
પછી આવે તેને બહુ સારી, બીજાને આપીશ
નઠારી, માટે આવો મંન વિચારી; અતિ શુભ ધારીરે૦

**સૂર્યસેન—** ૯

રાગ. ( પરદારામાં શીદ લપટાણો—એ રાહ. )

જગકર્તાની સહાય થકી હું, આવી શકયો આ ઠાર;
કારણ તારણ ને જગપાલણ, નમું છું વારંવાર.
નિશદિન અતિ ગુણકારી, કરજે સદમતિ પ્રભુ મારી.

**કમળાવતિ—** ૧૦

આશાગોડી.

વિરહ મુજને લાગ્યો, પ્રિયે સખી વિરહ મુજને લાગ્યો.
રતિ પતિ મુને વ્યાપીઓ અંગે, નિશ દિન રે'છે જાગ્યો-પ્રિયે.
સૂર્ય કમળનો પ્રેમજ મુજને, વજ્ર બાણુ સમ વાગ્યો-પ્રિયે.
અરૂણુ પોતાની પ્રિય પતિની, શોધ કરવાનેરે ભાગ્યો-પ્રિયે.

**કમળાવતિ—સાહેલીઓ-** ૧૧

રાગ. ગરબો-(પુનમ ચાંદની—એ રાહ).

સજની શોભા શી કહુ શ્રી ઘનશ્યામનીરે, રમે વૃંદાવનમાં
રૂડેરો રાસ. ચાલો એ વનને જોવાને સૈયર સૌ મળીરે.
સૈયર ખીલ્યોછે આકાશમાં જો ચંદ્રમારે, તેનો દીશેછે આ પુ-
રણુ પ્રકાશ. ચાલો.
ખીલે ચંદ્રથી પોયણી, જેવી રજની માંય;

તેવી શ્રી વ્રજ ચંદથી, વ્રજવનિતા હરખાય.
દે છે તાળી, શ્રી વનમાળી, રૂડી તાનમાંરે, વાલો કરતા કાંઇ વિવિ-
ધ વિલાસ. ચાલો.

વનમાં ફુલી વેલીઓ, અબળા ફુલી અંગ,
રાધિકાના પ્રેમથી, ફુલ્યા શ્યામ શ્રીરંગ.
અંગ રંગથી અનંગ લાજે જોઇનેરે, ગોપી સાથે રમે અખિ-
લ નિવાશ—ચાલો.

આભુષણ આ અંગનાં, મુજ મન ચોરી જાય;
પણ શ્રીપતિના રાસને, દેખી તે લજવાય.
ગ્રહી હાથ, ગોપી નાથ, નાચે નેહથીરે, આણી હૈડામાંહે અધિક
ઊલ્લાસ—ચાલો.

શોભા રમણીક રાસની, મુખે કહી કેમ જાય;
અકળ લીલા ઇશ્વરતણી, સુણી સખી સુખ થાય. સજની.

૧૨

રાગ કલ્યાણ (શ્રી જગતપતિ-એ રાહ.)

**માનસિંહ**—આજે સુખ અતિ, દુઃખ દીસતું નથી;
કમળાવતિનો કાલે કોણ થાશેરે પતિ.
**ચંદ્રસેન**—એના મનમાં, વ્યાપે તનમાં, શુભપતિના કોડ;
**અલિસેન**—મારા જેવી એને જગમાં, નહીં મળે કંઇ જોડ આ૦
**રાજસિંહ**—એ શુભ નારી, છે મન પ્યારી, કોને ધરશે હાર;
**વિજયસેન**-સંસય પામું હું પણ તેના, ભાગ્યતણો નહીં પાર. આ૦
**અમરસિંહ**-પૂરણ પ્રેમે, ને શુભ નેમે, જેને ધરશે હાથ;
**પ્રતાપસેન**-ભાગ્યશાળી હું મોટો ધારૂં, જ્યારે કહેશે નાથ. આ૦
**સૂર્યસેન**—ભજો પ્રભુને પૂરણ હેતે, જેથી દુઃખ દૂર થાય.
**બધા**—મારી કાઢો એ બેવકુફને, દૂર અહીંથી જાય. આ૦

કમળાવતિ— ૧૩

રાગ. (ક્યાંથી આ સંભળાય–મધુર સ્વર–એ રાહ.)

હુંથી નવ રહેવાય—સૈયર મમ૦
લાગે હૃદયમાં લા'ય—સૈયર મમ૦
હે દીન પાલક, દુઃખના ટાળક, કરો અબળાની સહાય–સૈ૦
રતિ પતિને, કમળાવતિને, નહિ મળે થાય અન્યાય– સૈ૦
તન મન ધન સૌ સમજી તમારૂં, સોંપીશ તમને કાય–સૈ૦

કુમુદ—સાહેલીઓ— ૧૪

( ગભરામણ મને વડપણમાં આવે છે ઘણીરે—એ રાહ. )

ગભરાઓ નહીં બાઇ આપ આજે અતિરે.
આજુ બાજુ કાંઈ ભાળોરે, વિશેષ કાંઇ નિહાળોરે;
જગકર્તાની આશા, તે નહીં કરે નિરાશા;
પ્રેમાંક્ષી તમને મળશે, ગમતો પતિરે– ગભરાઓ૦
પ્રભુનો પડદો ન્યારોરે, મનમાં આપ વિચારોરે;
સંકટે સહાય થાશે, સુ પતિ મળવાની આશે;
ઇશ કૃપાથી અનંગ કરે છે ગતિરે—— ગભરાઓ૦

કમળાવતિ—સૂર્યસેન— ૧૫

રાગ–( થયા છોરે પતિ તેજ પ્યારી તનના )—એ રાહ.

પધારોરે અતિ હરખિત તનથી પ્રાણ પતિ કરૂં પ્યારા–તનથી૦
કોણ તમે છો, કહો મને તો, કરી ચુકીશું નાથ
નામ આપો, દુઃખ કાપો, સુખ સ્થાપો, હૃદે ચાંપો;
પ્રિય અતિ હર્ષે તન મન ધન સોંપી કદી નહીં કરૂં ન્યારા–
પધારોરે૦

રાજ કુમારો, માં કોઇ સારો, હોય તો ઝાલો હાથ.
નહીં સારૂં, નહીં પ્યારૂં, કરો ન્યારૂં, નવ ધારૂં;
તન મનથી અતિ સુખ પામો તમે અવરનાં થઇ દારા—
પધારોરે૦

નૃપતિ મોટા, લાગે છે ખોટા, વરૂં આપની સાથ;
ચાલો પ્યારી, બલિહારી, પ્રિય મારી, વારીવારી;
ભોગવીએ દિનદિન આનંદે સુખ અતિ સારાં-- પધારોરે૦

**કમળાવતિ— ૧૬**

રાગ. (પ્રિયા મારી (૨) નહીં કર રીશ રતિ)—એ રાહ.
પ્રિયે મારા (૨) નહીં તમે દુઃખ ધરો, મન સુખી કરો—પ્રિયે૦
પ્યારા સુખમાં તલ્લિન થઇને, રતિ પતિને શાંત કરો,
તમે તુર્ત વરો—પ્રિયે૦
હરનિશ ઇશભક્તિમાં રહીને, રાખો તમે તેમાં પ્રેમ ખરો,
દિલ દોષે ડરો—પ્રિયે૦

**વિજળસેન—સુર્યસેન— ૧૭**

રાગ—( ન મુઝા માની દે હાય ન—એ રાહ. )
નહીં દુઃખ ધરો કંઇ હાય નહીં દુઃખ ધરો કંઇ.
પ્યારા પુત્ર તજી પ્યાર, દીશો તમે અતિ દિલગીર-પ્રિય પુત્ર૦
સૂર્યસેન તમે સાચું બોલો, આપતણે મન શો છે શોક—
દુઃખી થાઓ શીરછત્ર મારા, સંભાળી શિકારનો શોખ--

**કમળાવતિ— ૧૮**

રાગ—દક્ષણી રાહની લાવણી.
પ્રિય સૈયરો, થયું સ્વપ્ન દુઃખકારી રે.

દુઃખ થાય, દિલમાંય, કોણ સા'ય, કરે આંય;
તરછોડી આ વારી રે. પ્રિય.
મુજને નથી આજ કાંઈ સુખાકારી રે.
મન મુઝાય, કંપે કાય, લાગે લાય, હ્રદે માંય;
ભડકે બળે ભારી રે. પ્રિય૦

સાહેલીઓ—

૧૯

રાગ. ( હરીભજન થકી. (૨)—એ રાહ. )

બાઇ અજબ અતિ (૨) શા માટે તમે રહો શોક નિવાશી.
છે ગહન ગતિ (૨) સહાય તમને થાશે શ્રી અવિનાશી;
તમ પતિ અતિ ઊલ્લાશી છે, દિલગીરી જેનાથી ત્રાશી છે;
એ રતિ પતિ નગ્ર નિવાશી છે. બાઇ૦
નિંદ્રાવશ થાઓ અતિ પ્યાર ધરી, તમ નાથજી આવશે નેહ કરી;
સહુ શોક તજો તમે રૂપ પરી. બાઇ૦

કમળાવતિ—

૨૦

રાગ. (આવો આવો. (૩) પ્યારા મારા પધારો વિલાશી-એ રાહ).

વારી વારી. (૩) પ્યારા મારા છો ઊર નિવાશી.
છો ઊર નિવાશી પ્યારા, અતિશે ઉલ્લાશી. વારી૦
સ્વપ્ન દુઃખકારી, આવ્યું મને ભારી, માટે છું અતિશે ઉદાશી-
રહો આજ આંહી, જશો નહીં કયાંઇ, મુખ જોવાને અભિલાષી.

સૂર્યકમળા—

૨૧

રાગ—ગજલ.

સૂણ પ્યારી આજ મારી, જાવું છે શિકાર;

આવું છું લગારે વાર, તહીં નથી થનાર.
પ્યારા મારા દાસી આપ, સાથે આવનાર;
આપ વિના એકલી, હુ અહીં નથી રહેનાર.
પ્યારીસહ વન જાવું, યોગ્ય નથી નાર;
તજી મને ન વિચરો, અરણ્યમાં આ વાર.
તાતની રજા લઇને, ચાલો ગુલનાર.
ધન્ય ધન્ય ધન્ય, પ્રાણનાથ પ્યારા પાર.

## કમળાવતિ—વિજળસેન— ૨૨

પિતાજી રે વન વિચરવું મારે, મુજ સ્વામી જાય શિકારે;
દુહિતા રે નહીં દુઃખ દે તું મુજને, નહીં રજા આપું હુ તુજને.
મારૂં ચિત્ત બાપુ ચોરાય રે, મને સ્વપ્ને લગાડી લા'ય રે;
મારો જીવ હવે ઝટ જાય રે;
નવ જીવુંરે મરવું પડશે મારે— મુજ સ્વામી જાય શિકારે.
ના કહેતાં રે જીવજ મારો જાશે, અહીં મન મારૂં મુઝાશે;
તનયા રે સુખેથી જાઓ તમે સંગે, ઝટ વળજો પાછાં ઉમંગે.
તમે હવે જલદી જાઓ રે, શુભ શુકન જોઇ સીધાઓ રે;
તહીં ઝાઝાં ખોટી નહીં થાઓરે,
ઝટ આવો રે ચીંતા ન થાયે ભારી, તમે મારાં થશો ઉપકારી,

## સુર્યસેન—કમળાવતિ— ૨૩

રાગ. ( બિચાર મેરી પ્યારી, કર દીલમાં જરાસા બિચાર. )
નિહાળ મારી પ્યારી, નયનેથી તુંતો નિહાળ.
જો પેલું હરણું મરણું ધારીને, આવ્યું દીશે આ ઠાર—ઠાર.
ઉપર સ્વામી એ ખામી વિનાનું, શોભા આપે અપાર—અપાર.

એ તમે લાવો પલાવો અહીંથી, નહીં કરતાં કંઇ વાર—વાર.
બેસજે પ્યારી હું ન્યારી ન કરતાં, આકુંછું ઝટ દીલદાર—દીલદાર.

**કમળાવતી—** ૨૪

રાગ—(થઈ ઘણો વિદેશ વિખ્યાત—એને મળતો રાહ.)

લઇ હરણાને આ વિશાળ વનમાં પ્યારા વહેલા આવજો.
મારા કાન્ત વહેલા પધારજો, મારા નાથ વહેલા પધારજો—લઇ૦
દીન દાશી જે હું આપની, તે માટ હરણને લાવજો—મારા૦
કદી જાય ન ક્ષત્રી નિર, ધિર થકી તેને મારજો— મારા૦
કરી પરમારથનાં કામ, પરાક્રમી કહાવજો— મારા૦

**અલિસેન-કમળાવતિ—** ૨૫

રાગ. (પાપી ચુપ, પાપી ચુપ, પાપી ચુપરે—એ રાહ.)

પ્યારી આવ પ્યારી આવ પ્યારી આવરે. (૨)
શું કેવાય, આ અન્યાય, પ્રેમ ઘાય, મારી જાય, કરે કોણ મને સા'ય. (૨)
તારે માટ, મારો હાથ, મારી લાત, કરૂં ઘાત, ગયા બા'ર, મુજનાથ. (૨)

# અંક બીજો.

દિલસેન-દરબારીઓ— ૨૬

મૃગનયની મૃદુ વાણી, વદે છે સુસ્વરે કેવું;
નથી અવનીતણી નારી, વસે છે સ્વર્ગની માંહે.
ચટકો કરતી, વદશો વળતી, મુજમન હરતી, બગડે ન મતિ.
(ચુપ રહો) પ્રિતમના પ્યારે વંકાણી— વદે છે.
ચંપક વરણી, આ ચિત્ત હરણી; એવીજ તરણી, જો નવ પરણી.
(થઇ રહ્યું) પરાણે હું ગ્રહું પાણિ— વદે છે.
સહસા ન કરસો, ચિત્ત ન ધરશો; ચુપરે મરશો, નહીં ઉચરશો.
(ખોટું થશે) વૃથા જન્મ્યો જગે પ્રાણી, મળે સ્ત્રી જો નહીં શાણી.

દરબારીઓ— ૨૭

રાગ. (જેણે ધર્મ તજ્યો પોતાનો—એ રાહ).

જે કો સત્યતણા છે દાતા, તે સુખે સુએ મદમાતારે—જે કો૦
લપટ ઝપટ કરી કપટથી હણી પછી, સતિ પતિ પાસે
ઝટ જાય, અરે એ આશા મુકો રાય— તે૦
એહ નેહ તજી એની, જગતમાં સગાઇ કેની, વ્યભિચારે
દુઃખ અતિ થાય, હાંરે તે મરણતણો સમુદાય— તે૦

અલિસેન— ૨૮

રાગ. (આ શું શરમ મુકોને ધરમ ચુકો—એ રાહ )

આજે હરણ કરીને શરણ કરી, તમે વાણ ન બોલો મર્મ ભરી.
આ શું ધાર્યુરે, નહીં સારૂંરે, સાસન ભંગ થકી ઝટ મારૂંરે.

પાપી કરે અપમાન, લઈ નાખીશ હું જાન, કેમ છોડી દીધું ભાન,
અતિ બોલો માં નાદાન, ઓ નાદાન ભુલી ભાન, કેમ ચાલો બે ઇમાન
પાળું તનય સમાન, તેનું રાખો તમે ભાન, ચાલો અવળા ગુમાન,
ત્યારે ખેંચું હું કમાન, પ્રાણ લેવા શકિતવાન, ઝટ કાઢી નાખું પ્રાણ.

કાંચનીઓ— ૨૯

રાગ (મહારાજા શ્રી સયાજી ગુર્જરના પતિરે—એ રાહ).

મહારાજા અધિરાજ અતિ વિજયી થજોરે.
ધર્મતણા તમે બાહુ દીશો, નહીં અન્યાય ક્રોધ કે નિશો.
સુખી પ્રજા આપની અતિ સુખ પામજો રે૦ મહારાજા.
સદાવ્રત તમે નીમો સારાં, જેને લે જન અતિ દુઃખીયારાં;
એ પુન્યતણો પ્રતાપ અતિશય જામજો રે. મહારાજા.

કાંચનીઓ— ૩૦

રીમ ઝીમ રૂમઝુમ જય નરવર. (૨)
નરવર, સુખકર, દુઃખહર, જગપર; શિવહર, મનહર,
રસભરા મધુકર; જદુકર, ગુણપર, મનહર, વિષહર; રીમઝીમ૦
તાનાદીમ જગકર, તાનાદીમ નટવર; તાનાદીમ શિતકર,
તાનાદીમ નગધર; સાસાસા, નીનીની, ધધધ, પપપ,
મમમ, ગગગ, રેરેસા;——(૨) રીમઝીમ.
સુખસર તનપર, ઝરમર, ઝરમર, અજર, અમર,
વિચર, વિસર; સા, ની, ધ, પ, મ, ગ, રે, સા; જય નરવર રીમ૦

મહુકચંદ—વિજળી— ૩૧

ઢેડ ચાલડે વીજડીઆ, પગે પડું, નહીં વઢું,
આડે બહુ, ટડી ટહું; ટા માડજે મુજને જા—ઢેડ.

હું તો નહીં આવુંરે હા, તને બહુ, નહીં ચહું,
હવે કહું, થઇ રહું; ખેમજીના ઘરની ખા—હેડ.
શા માટે હોડયો મને બાપ, તેંતો પુરવે કર્યાતાં પાપ—

કમળાવતિ— ૩૨

રાગ—(દવ દવ દવ દાવાનળ લાગ્યો—એ રાહ).

ગન મન મન મારૂં અહીં આજે, ચિંતા મહીં પડયું રે.
હમેશાં હું મુખજ જોતી, રહી પતિ વિન આંહી રોતી;
કયા જન્મે પાપ કર્યું આ ભવે નડયું રે—મન.
રંગભુવનમાં પતિની સાથે, કયારે નિહાળીશ બીડી બાથે.
દુઃખનું વાદળ મારા ઉપર શું ચડયું રે—મન.

અલિસેન— ૩૩

રાગ—(ડર માં તુ દીલ સાથ છોકરા—એ રાહ).

સજ સુખનો શણગાર, આજ શુભ સજ સુખનો શણગાર.
કમળા—કર કરૂણાય લગાર, રંકપર કર કરૂણાય લગાર.
અલિ—મમ આનંદના અંબાર, આજ શુભ સજ સુખનો શણગાર
છેલછબીલી, રૂડી રંગીલી.........................
સુખસૈયાતણી મધ્યે સુવાડું. રસીલી હું રસ રંગે રમાડું;
કમળા—દુર કર દુષ્ટ દુર્બલ મોઢું, સ્વામી વિના સુખે કયાંથી હું પોઢું;
અલિ—(રસીલી રસની તો ભુખી નથી પણ ઠીક છે).
પેરીને આ મુકતાહાર—પ્રિય પેરીને૦—આજ શુભ.
કમળા—કામે પીડાતાં, દુખીરે થાતાં; મરવું પડશે મૂરખ તારે.
અલિ—રિદ્ધિ સિદ્ધિ સહુ તું પર મારે.........................
કમળા—શાને દુઃખી થઇ દેહ ગુમાવે;.........................
અલિ—વિશ્વ રહ્યું મારે તારે આધારે;

કમળા—(દુષ્ટ! દૂર રહે, અડતો માં, તેં જાણી જોઇને મોતને ખોળે માથું મુકયું છે).

અલિ—(છબીલી છેતર નહીં, ગરીબપર નજર રાખ).

પુન્ય પુંજે પામ્યો પ્યાર; હાંરે પુન્ય—આજ શુભ

સૂર્યસેન— ૩૪

રાગ-( પ્રિયા મુજ પ્રાણથી પ્યારી પ્યારી—એ રાહ. )

પ્યારી ગઇ આજ કયાં ચાલી ચાલી, હદે વાગે પ્રેમ ઘા વાલી વાલી,
પ્રેમ સાંભરે તાહરો, પીડે છે અતિ કામ;
નહીં સહેવાયે મુજથી, દુઃખી આઠે જામ.
પ્રેમી, તું છે નેમી, કરી ઊરમાં તો વે'મી,
પ્રિયા હવેથી, ભવેથી, બાળે વિરહ દવેથી—
દુઃખી કરે શું મને ઠાલીઠાલી, ગઇ કયાં વિજળીની બાળીબાળી—
ચંદ્રમુખી મૂખ તાહરૂં, જોવાને આતુર;
વિલંબ જો થાશે અતિ, ધિર છોડશે ઉર.
ખરી, રૂપપરી, ખરા પ્રેમથી તું વરી,
પ્રિયા સુખેથી, દુઃખેથી, કાંઇ ઉચર મુખેથી—
આવ ઝટ પાસ ઓ લાલી લાલી, આપ આ કરમાં તાલી તારી—

સૂર્યસેન— ૩૫

રાગ-( મારા ભાગ્યતણો નહીં પાર—એ રાહ. )

જઇ વિજળસેન સન્મુખ, આજે મારે શું ઊચરવું;
કમળ કુમારી કયાં ગઇ કહેશે, શો બોલીશ હું બોલ.
ક્ષત્રી તંન હું સાચો કહાવું, કરશે મારો તોલ— જ
કમળાવતિને છોડાવું હું, રખડી સરવે દીશ;
લાવું પ્યારી મારી વહેલી, બદલી મારો વેશ— જઇ૦

પ્યારી મારી ધિરજ ધરજે, આવું છું હું આજ;
દુશ્મન કેરૂં જોર ભાગીને, રાખું સઘળી લાજ— જયo

પંકાવતિ—વિજળસેન— ૩૬

રાગ—( જેણે પત્ર પુષ્પ લઇ હશે પ્રભુને—એ રાહ.)
કેમ હજી સૂર્ય કમળ, નવ પ્યારા આવીયાં.
વળી દાસ દાસી કો, ખબર કેમ ના લાવીયાં;
શોધ કરો તુતકાળ, કેમ નવ આવ્યાં બાળ,
લાગે આપણુને કાળ.
હાય કોપ્યા દીનદયાળ, દેહદાહ વિયોગથી શું તેહ કરાવશે.
દુહિતા જામાતૃ પ્યારા કયારે આવશે— કેમo
અતિ થાય મન ઊચાટ, જીવ મુજ જાય છે,
વળી મુજ ચિત્તમાં ચિંત્તા ચિતા ખડકાય છે.
સાથે નથી દાસી દાસ, મને પણુ એવી આશ, તેથી રહુંછું
ઊદાશ,
સૈન્ય મોકલું ચોપાસ; દોષ પ્યારી ક્ષમા કરી સુબુદ્ધ આપજો;
પ્યારાં પુત્ર કેરો જન્મ સફળ સ્થાપજો— કેમo

અલિસેન—કમળાવતી— ૩૭

રાગ. લાવણી. ( રે કર્યો વેશ્યાએ કેર—)એ રાહ.
રે વચન માહરૂં માન, લાવીને સાન, રાખ તું જ્ઞાન;
છે એ ગુણુકારી, (૨) હું માહરી નિશ્ચે કરીશ તુજને પ્યારી.
નહીં થાય કદી એ વાત, પ્રાણુ સંગાત, હશે પ્રખ્યાત;
મને જે પ્યારો; (૨) મુજ હૈયા કેરો હાર સ્પર્શ કરનારો.
નહીં છોડું તને આવાર, વચનનો માર, છોડી આવાર;

આવી જા પાસે; (૨) નહીં તો હે સુંદરી કાળ ભક્ષ કરી જાશે.
મુજ સાથ રાખીને નેહ, રહે છે જેહ, તેની છે દેહ;
ધર્મનો ભારો; (૨) મુજ હૈયા કેરો હાર સ્પર્શ કરનારો.
જોઇ આજ તાહરૂં નૂર, બન્યો ચકચુર, વિષયનું પૂર;
આવ્યું છે ભારી. (૨) હું મારી નિશ્ચે કરીશ તુજને પ્યારી.

તારાચંદ—મલૂક—વીજળી— ૩૮

રાગ—(ભોળા ભગતના ચાબખાનો).

રાજાજી સાંભળોને ફરીયાદ, બાયડી માટે થયો વિખવાદ.
ગલૂક નામના વાણીઆ કેરી, બાયડી લાવ્યા બાઇ આજ;
મોહીત થઇ તે સ્ત્રી હુંપર તો, મારો શો વાંક મહારાજ—રા૦
ડાજાજી બાપાજી ભુડી ગયો હું, ગડતું સગડું ટાંમ;
વગડ વાંટે માડી બાયડી લીધી, નોટુ લીધું એનું નાંમ-રા૦
મલૂકજીને મેંતો છોડી દીવાને, ખેમજીથી બાંધ્યો પ્યાર;
પૂરણ પ્યારે આ નાર કહે એને, કરવો જીવનહાર—રા૦

તારાચંદ— ૩૯

રાગ. લાવણી. [શીખામણ સજ્જન સુણો મારીરે]-એ રાહ
રાજાજી ન્યાય શુભ કરજો રે; (૨) અંતરમાં અન્યાયજ કરતાં
પ્રભુ થકી ડરજો.— રાજાજી.
લાવ્યા છો આપ એક અબળારે; (૨)નથી ઇચ્છતી તમને;
લગારે સૂર્યતણી કમળા— રાજા૦
નિર્દોષી વિણ વાંકે મરશેરે. (૨) એવો ન્યાય પૃથ્વીપતિ
રાજા કેમ કરી કરશે— રાજા
પ્રજાનું હિત ચિત્ત ધરજોરે. (૨) સાહસ કર્મ કર્તા પહેલા.
તમે દ્રષ્ટિ ફેરવજો— રાજાજી.

તારાચંદ—                    ૪૦

રાગ-(મુખ નહીં બોલે બાળા તમારી—)એ રાહ

અતિ વિચિક્ષણ ગતિ તમારી, નારાયણ હે નાથ.
સારી આશીશ આપો મુજને, વિનવું જોડી હાથ. હો સારી૦
સુમતિ આપો, નિચ મતિ કાપો, સ્થાપો મહંત શુભ ગુણ;
સારાં કામો, ધરીને હામો, કરી થાઉં જગ વિખ્યાત.હે સારી૦
સૂર્ય કમળ બેને ભેટાવા, મુજ અંતર આભાષ;
અલિરાજ મૂરખને મારી, છોડાવું મમ માત;— હે સારી૦

કમળાવતિ—                    ૪૧

રાગ ગરબો-(ગાડી આવી ગુજરાત અગન કેરી)-એ રાહ૦

વહેલા પધારોને નાથ; જવાલા પતિ વહેલા પધારો.
પ્રભુ છોડો ન મુજ સંગાત, જવાલા પતિ વહેલા પધારો.
પધારે ભ્રમર છૂટશે, થઇશ દુ:ખથી મુક્ત;
વાર ન કરશો વાલમા, કરો ત્વરાથી ઊક્ત-જવાલા૦
તોલ કરી હું આપનો, રહીશું આણે ઠાર;
દુષ્ટ મને દુ:ખ દે ઘણું, નહીં વેડાએ માર-જવાલા૦
નહીં ગોઠે મુજને જરી, ભવનજ ખાવા ધાય;
આપ પ્રતાપે માહરૂં, પતિ શિયળજ સચવાય-જવાલા૦

તારાચંદ—                    ૪૨

નવ ડરશો, મન ડરશો, કંઈ ડરસો દુ:ખેથી.
વિયોગ વિરહનો તજી તમે, ભજો કિરતારને સુખેથી,
દુ:ખકારી, દઇ હારી, સુખકારી, લઈ બારી;
સૂર્યતણી પાસે જઇ પછી દુ:ખ ઊચરજો મુખેથી—નવ૦
મનોહારી, ગુણધારી, સુખકારી, દિનભારી;

ધરમથી, કરમથી, શરમથી, મરમથી, વિચાર,
વિચાર, વિચાર, વિચાર; વિચાર કરો સુખેથી— નવ૦

અલિસેન— ૪૩.

રાગ—નારાચછંદ.

કહો લગાર ખેમચંદ, શું તમે મુખે વદો;
કદાપિ આંહીઆં અસત્ય, બોલતા હશો સદા.
કરેજ તોલ માહરો ન, લગ્ન હું થકી કરે;
વિચાર ધારજો સદા ન, તેહ સંકટે મરે.

કમળાવતિ—અલિસેન— ૪૪

રાગ લાવણી-(બસ કરો. (૨) પગ નહી ધરો—) એ રાહ.

નવ અડો, (૨) દૂરથી ખડો, થશે બહુ હાની;
હો રાય રહો રજ દૂર તમે આ, દહન વચન માની.
હવે બારમાશી એક વ્રત કરૂંછું મોટું,
નરસ્પર્શ થતાં તે થાયે સઘળું ખોટું;
હું દેખી તમોને રહુંછું ગુલતાની— હો રાય૦
તમ અર્થે રાજને પાટ પ્યારી હું હારૂં,
આ વચન તમારૂં સત્ય બેશ થનારૂં;
પંકજની પ્રિતે મરે ભ્રમર મસ્તાની— હો રાય૦

લશ્કર— ૪૫

રાગ-(શાં સજયાં આજ હથીયાર, બની હુંશીયાર)—એ રાહ.

નથી સૂર્ય કમળ મહારાજ, થયું નહીં કાજ;
સૂર બતાવીએ ક્યાં જઇ આજે, ગઇ સઘળી લાજ;
કેમ ધિર રાખશે રાજ, કરશે ત્યાજ;
સાગર દુઃખનો ઉલટી આવ્યો, ક્યાં ગયો સુખસાજ;

લાવે અતિ દિલમાં દાઝ, સર્વ સમાજ;
શો સંભળાયે અતિ ઘોર ભાઇ આજ અવાજ.
નાશ થયો સુખસાજ, રહી નહીં આપણી લાજ;
કરશે રાજાજી ત્યાજ, જતું ક્યાં આજ—નથી.

કમળાવતિ—　　　　૪૬

રાગ માઢ-(મિઠી પ્રિતીની પ્યાલી—) એ રાહ.

રૂડા રૂપે રંગીલા, છેલ છબીલા, કામ કોડીલા, પ્રિય પધારો રે;
આપ કેરા વિયોગથી, પતિ પામું હું શોક;
પ્રિય પધારો પ્રેમ ધરીને, પીડે છે મને લોક— રૂડા.
પાપ માફ મારાં કરી, ચાલો જીવન હાર;
પાપને પડદે પેઠેલાને, લાગ્યો છે મારો પ્યાર— રૂડા.

અલિસેન—　　　　૪૭

(રાગ)

રે ઝટ બોલો સાચી વાત, (૨)
ક્યાં થકી તમે આવ્યા રે, કોનો સંદેશો લાવ્યા રે;
તમે કોને શરણે રો'છો, કયમ શીત બહુ સહોછો;
અસત્ય અગ્નિમાં હોમાતાં, કરીશ નિશ્ચે ઘાત, સાચી વાત, થાશે ઘાત—રે.

શું કામ અહીં આવ્યાનું, જો હોય કામ કાયાનું;
વહેલાં વહેલાં વદીને વેણો, ઊતારો ઉચાટ; સાચી વાત થાશે ઘાત.

તેજપાળસેન—　　　　૪૮

( રાગ )

હશે ક્યાં પ્રિય પુત્રી મારી, જોયું મેં દેશ દેશ ન્યારી,
જઇ શિકારે કર્યાં નિરાશ્રિત, થયું દુઃખ અપાર;
આજ્ઞા આપી હોત નહીં તો થાત સુખ આવાર,

પધારો દયા દિલ ધારી, લાગેછે પ્રેમઘાય ભારી. હશે.
રાજસભામાં ગમે ન મુજને, લાગે છે સુનકાર;
સર્વ સુખ સંતાઈ ગયાં છે,–ચાલો જીવનહાર;
હશે ત્યાં કેવી ગતિ તારી, કર્યો તેં મને નિરાધારી. હશે.

સેનાપતિ— ૪૯

રાગ લાવણી–(આ ભ્રમર ભમેછે શાને)— એ રાહ

હાં રાય હવે શું, હિંમત હારી બેઠા,
આ શોકિત ગૃહમાં, પ્રભુ આપ શું પેઠા;
કમળાવતિ બાને, લઇ ગયો અલિ રાજા,
દુષ્ટ વચનથી તે, પીડેછે બાને ઝાઝાં.
મહારાજા ત્યાં છે, સૂર્ય મિત્ર બહુ સારો,
નામ તારાચંદજ, બાને સુખ કરનારો;
મહારાજા ચાલો, સર્વ સૈન્યની સાથે,
જઇ યુદ્ધ મચાવો, અલિસેન સંગાતે.

વિજળસેન— ૫૦

રાગ–(અપમાન કર્યું એક કુંવરીએ)—એ રાહ.

નહીં વાર કરો તમે સરદારો; સરદારો દિલમાં ધારો. નહીં.
તમે જાઓ હવે શસ્ત્રજ ધરવા, ઝટ ચાલો પછી યુદ્ધજ કરવા,
દુશ્મન તણા દળને મારો. નહીં.
હર હર શિવ મુખે ઉચરતા, દેખાડો મને અરીઓ મરતા,
શું અલિસેન છે કરનારો. નહીં.

# અંક ત્રીજો.

અલિસેન— ૫૧

( રાગ )

મારો બહાદુર લઢવૈયા તમે દુશ્મનને આવારે,
વિજળસેનને મારો ઠાર, મારો લશ્કરને બહુ માર;
આવે નહીં તે આણી પાર, બીહીતા માં લગારે. મારો.
સુરવીર સરદારો છો સુરા, કરો અરીના ચુરેચુરા,
કરો ખુબ બંદુકના બા'ર, ચલાવો તીર ને તલવાર;
નથી આપવી એને નાર, એ શું મનમાં ધારે. મારો.

વિજળસેન— ૫૨

રાગ–(અટકાવું (૨) ગૌવધ જ્યાંહે)—એ રાહ.

સરદારો (૨) થાવ તૈયાર, ઝટ ઉઠો તમે આવાર,
આ દેશ તમે જીતાવો, આપણી ધ્વજા ફરકાવો;
અરિને સમશેર બતાવો, ધરી તલવાર,
મારો ખુબ માર, કરો ઝટ ઠાર, પમાડો હાર. ઝટ૦
શત્રુનાં શિરજ વાઢો, અવનિમાં નામજ કાઢો;
તમે જંગ મચાવો ધાઢો, ગોળીના બા'ર,
કરીને અપાર, કાઢો જમદ્વાર, મારીને માર. ઝટ૦

થપસેન— ૫૩

(રાગ.)

હાયે જાય છે આ જાન
ટપક ટપક મુજ નયનજ ટપકે નથી ઉરમાં ભાન. હાયે૦
સરરર સરરર વાગે અતિ મુજને તનય પ્યારનાં બાણ;

મેળવ પ્રભુ તું પુત્ર આ દીનનો, આપ સૂર્યદાન. હાયે૦

**સૂર્યસેન—** **૫૪**

રાગ-( કહેજેરે વાદળી વાત પ્યારીને)—એ રાહ.

સહેજેરે પ્યારી તું દુઃખ પ્યારાનું,
જખમ હૃદયમાં ચોટી તારો, વિરહ અગનનો લાગ્યો ખખારો.
રટન કરૂં છું પ્યાર તારાનું, સહેજેરે૦
હરષ ધરી આવું તુજ પાસે, અતિ મળવા મુજ મન ઊલ્લાશે;
નૂર હર્યું તે આ ઊર મારાનું. સહેજેરે૦

**અગ્નિસેન—** **૫૫**

રાગ.-( પામ્યો પામ્યો પદમણી આવી હો)—એ રાહ.

જેણે મોહ મુર્તી મન ધારી હો, તેનો જન્મ થયો ધૂળધાણી;
મોહ અતિશય માર મરાવે, દાસપણું રાય પાસ કરાવે;
દુઃખ નદી પૂર દે તાણી હો. તેનો.
દીપક દુઃખનો દેહને બાળે, બુઝાય નહીં તે આગ કો કાળે;
વાત જેણે મન એ વખાણી હો. તેનો૦

**મહામંગળ—** **૫૬**

રાગ—લાવણી-( ભરથરી ભ્રાતા વિચારીને )—એ રાહ.

હું સૂર્યસેન મહારાજને, માટે આવ્યો આ ઠાર.
તે કાર્ય થયે, (૨) થશે આનંદ મુજને અપાર;
મુજ રાજ સ્વામી, (૨) મુજને મહા પ્રભુ તું આપ;
દીન સેવક છું હું તાહરો, આ કષ્ટ માહરૂં કાપ.
બહુ દેશ ફર્યો; (૨) પણ પત્તો મળ્યો ન લગાર. હું
મુજ લાજ રાખ, (૨) હે દીન દયાળ ભગવાન;
ખોળી વળ્યો હું શહેર ડુંગર ને વળી સરવે રાન.
હે જગ સ્વામી. (૨) સેવકની અરજ સ્વીકાર. હું૦

**કમળાવતિ—** ૫૭

રાગ–( સુખ કયારે આવશે, દુઃખ કેદી )—એ રાહ.

મમ પ્યારા આવશે, સુખ મુજને થશે;
ધિર હારૂં, દુઃખ ધારૂં, મનમાંહે, શું આંહે, શું જશે. મમ૦
ચાલોને વાલમા, આવો ઝટ મુજ પાસે;
પ્રિય મારા, ઉર હારા, તમ દારા, દુઃખ દેશમાં વસે. મમ૦
લોભાણી પ્યારથી, દેખી મુજ દુઃખ નાસે;
ભેટ આપી, દુઃખ કાપી, સુખ સ્થાપી, કરો સુખે ચો, દિશે. મમ૦

**સૂર્યસેન—** ૫૮

આવ પ્યારી ભેટવું આવાર, છું તૈયાર ધરીપ્યાર, મળી નાર તું વિચાર.
કોણે કીધી દશા આવી, તારી તારી તારી;
સાચી વાત દે તું કા'વી પ્યારી પ્યારી પ્યારી.
વિરહી છું આવાર, દિલદાર મન ધાર;
હાર પ્યારી, ધાર પ્યારી, સુખકર આ વાર પ્યારી;
શો છે મન વિચાર પ્યારી, મારી મારી મારી.
દિલદાર, ધરી હાર, ભોગવતું સુખ સાર. આવ૦

**સૂર્યસેન—** ૫૯

રાગ. (દીલ ખુશ પ્યારી રાજકુમારી)—એ રાહ.

દિલગીર વાશી, મનમાં ત્રાશી, હાય તને શું દુઃખે ડશી છે;
આવ્યો મળવા, સુખજ કરવા, કેમ પ્રિયા દુઃખમાં વશી છે.
દુઃખ દીધું શું સુખ હરીને, કે તુજ મન થકી તું ફરી છે;
આવ તું પાસે, ભેટની આશે, મુજ મન ચિંતા તેં હરી છે.
સુખ સય્યામાં સુવાડું તુજને, શા શારૂ દુઃખદરીએ ખશી છે.

કમળાવતિ— ૬૦

રાગ—(આ હાર જોઇ કંઇ કંઈ થાયજો)—એનો મળતો રાહ.

આ મૂખ જોઈ દુઃખ દૂર જાયજો; પ્રિય મારા પધારે,
મારા ઉરમાં આનંદ નહીં માયજો; આજે સુખડું છે મારે.
આવો પલકમાં, આવો છલકમાં;
પ્યારા કરો સુખને સા'યજો— પ્રિય.
રંગીલું, રસીલું, છબીલું, પ્રિતમજી— આ મૂખ૦

અલિસેન— ૬૧

રાગ—(કોને પ્યારી કહીને બોલાવે નાદાન)—એ રાહ.

કેનું મૂખ જોઇ દુઃખ દૂર કરે તું નાર.
ઉભોછું પાસ તારી, દાસ દિલદાર— કેનું૦
પ્યારી મારી થા તું નારી, અભિરૂચી રાખુંછું તારી;
ભારથી ભરેલી ભામા જરા તું વિચાર— કેનું૦
વિરહ મુજને લાગ્યો તારો, બચવાનો છે એકજ આરો;
રાખ સાન, સહ માન, ચાલ જાન, ધર ધ્યાન;
થાયે હરષ આ વાર, શાને છોડે છે તું પ્યાર;
નાર વચન ઉચરતું સારૂં, લાગે જે મુજને અતિ પ્યારૂં;
કાપ મહા દુઃખ આ વાર; સુખકાર— કેનું૦

કમળાવતિ— ૬૨

રાગ—(અરે દુત્તિ ઓ ઠગારી, વશ રાખ જીભ તારી.)—એ રાહ.

દુષ્ટ પડયો અતિ માર, તોએ સાન ન લગાર,
વિગોગી કરાવનાર, સુખને છોડાવનાર, દુઃખમાં ડુબાવનાર;
કુળને લજાવનાર— પડયો૦

અરે પાપી આ શું બોલે દુઃખ કરવા, શું કરવા;
કરી ઇચ્છા તેં મુજ સુખ હરવા, શું હરવા.
હરામી વધારનાર, પાપને પુંજાવનાર, કામાગ્નિ સંકોરનાર;
કતાળ કરાવનાર— પડયો૦
અરે તારૂં બધું જોર ગયું થયું સુખ પતિ થકી;
તને શાપ દઇ ઝટ બાળી મુકું સતિ નકી.
વિષય વેં'સાવનાર, નિતીને નમાવનાર, શિળને સંતાડનાર;
કુછંદ કરાવનાર; વખત વિચાર, હવે મુજ ભરથાર;
તારા વિષયનો ભાર, કાઢી નાખશે આ વાર.
ફટફટ ગર્દભ ન ઉભો રહે તજી કાર— પડયો૦

**કમળાવતિ સૂર્યસેન— ૬૩**

રાગ—( પ્રિયા મુજ પ્રાણ થકી પ્યારી.)—એ રાહ,
પધારીને પ્રિય સુખકારી, કરી દીનને તો આભારી;
હરતાં, ફરતાં, કારજ કરતાં, મુજ મન થાએ હર્ષિત ભારી–
વિયોગ જે મુજને તારો, ખરે અસહ્ય એ લાગ્યો;
સુખથી, મુખથી, દૂર થા દુખથી, સુવચન બોલ આજે પ્યારી–
પ્રિતમ મુજ પ્રાણના બેલી, ઘેરાણી દુઃખના ભારે;
તનથી, મનથી, પૂરણ ધનથી, દીસો પરમારથી ભારી–

**અલિસેન— ૬૪**

લાગે ઝેર સમાન આ જગતરે; (૨)
ડાહ્યા માણસો, પ્રાજ્ઞ માણસો, કરે વ્યભિચાર અશક્તરે—
મૂરખ થયા, અન્યાયી બન્યા, વળી પડયું શરીરે રક્તરે—
ભેખ ધરીને, સુખ હરીને, થાઉં ઇશ્વર કેરો ભગતરે—
આ કેમ રૂઝે, કાંઇ ના સુઝે, નહીં જોઇએ મારે તખ્તરે—

**સરદારો—** ૬૫

ચાલો ચાલો સહુ સાથે, (૨) ચાલો ચાલો;
છે અતિ આજ, રાજ, સાજ, સમાજ; હે તાતે—ચાલો૦
હરણ કર્યું સુખ પતિવ્રતાનું, ભાગ્યતણું તવ ફ્રરીયું પાનું,
રાજા, ઝાઝા, ગાજ્યા, શત્રુ થઇ માથે—ચાલો૦
અખંડ વિશ્વમાં સુખ માણે છે, અંતર સતિ પતિ ધ્યાન આણેછે,
શાણી, વાણી, જાણી, નિજ હૃદય સાથે—ચાલો૦

**કશ્યપસેન—** ૬૬

રાગ—(હરી હરી જરી ન ચેન કયાંઇ ના ગમે)—એ રાહ.
ફરી ફરી મરી ગયો હું શોધ આ સમે, શોધ આ સમે; (૨)
વિરહ માર, કમળ બાળ, તનય પ્યાર, દુઃખ દઇ દમે—ફરી૦
ચતુર તું ચતુરા ભણી ચાલતાં, ઘણું થયે, બહુ થયે;
વધુ થયે, શી રીતે ખમે. (૨)— ફરી૦
મન વિચાર, તું લગાર, કંઇજ ના ગમે. (૨)
કુશળ ક્ષેમ, પરખી પ્રેમ, રાખી રહેમ, ચાલ આ ગમે.(૨)—ફરી૦

**આકાશવાણી—** ૬૭

રાગ—(કોઇ બચાવે જગમાં જન્મ્યો)—એ રાહ.
વિશ્વની માંહે પુત્ર તાહરો, પરાક્રમી છે મોટો,
ઇંદ્ર ચંદ્ર વરૂણાદિકનો, રાય જાણજે જોટો;
પુષ્પાવતિ છોડીને, જાય દરિયાપૂર માંહે,

**કશ્યપસેન—** ૬૮

ગીતિ લાવણી.
જઇ મળું ઝટ તનને, જહાં દરિયાપૂરનું રાજ છાજે;

કમળાવતિ પરણાવી, રાખ્યો તેને વિજળ મહારાજે.

**સૂર્યસેન—** ૬૯

વ્યર્થ જન્મ આ જાએ અહીં; વિયોગે પિતા વિના દુઃખ સહી.
કર્મ મારૂં શું આવી નડયું આ, કષ્ટ હર્યું તેં નહીં—વ્યર્થ૦
સાહે તું મારી, કરજે મોરારી, અધમ ગતિ અચળા થઇ—વ્યર્થ૦

**કમળાવતિ—** ૭૦

રાગ—(પરમ સુમિત્ર મારા પ્રિતમના પ્યારારે)—એ રાહ.
આ શું વચનજ બોલો પ્રિતમજી પ્યારારે, હાથ જોડી વિ-
નવે છે તમને આ દારારે— આ શું૦
નવ નવિન આ સુખ તમે માણો, પ્રેમ દર્શાવો દુઃખ દૂર કરીરે.
આપની સાથે અહોનીશ રહેવા, આપ તણી દાશી પ્યારા મારારે.
આ સું૦

**વિજળસેન—** ૭૧

રાગ-(જ્ઞાન જગતમાં સાર-સજ્જનો)—એ રાહ.
કેમ જણાઓ ઊદાશ, શાણારે કેમ જણાઓ ઊદાશ,
વ્યર્થ થઇ શું આશ. શાણારે કેમ જણાઓ ઊદાશ.
ચતુર વિચિક્ષણ આપ જણાઓ, સુખે રહો આ અવાસ;
પ્રતિદિન આપને આનંદ આપી, શેવા કરે દાસી દાસ,
આપને કહે કોઈ કટુ વચન તો, કરૂં હું તેનો નાસ.

**સૂર્યસેન—** ૭૨

અતિ મન મુઝાયરે, મુજ પિતા વિના ભારે, (૨)
પિતા કેરા વચનથી, નિકળ્યો હું પરદેશ,
કુળ કલંકિત નિપજ્યો, મૂખે ધરી મેં મેંશ.

બાપુને મેં ન સંભાર્યો, વચન કેરા શરો મર્યો;
હાય, લાય, થાય, કાય, માંય, હવે શું કરવું મરે (૨)અતિ૦
કશ્યપરેન—

૭૩

રાગ—માલિની છંદ.

ગતિ અતિ મન પામે, આજ આનંદ માંડે,
તનય રતન કેરા, દુઃખનું મૂર્ખ જાંહે.
કરણ ચરણ મારા, તેહની પાસ જાણો;
સુગુણ કમલ સાથે, સૂર્ય આનંદ માણો.

૭૪

## સર્વ પાત્રો મળી સમાપ્તિની સ્તુતિ કરેછે.

ભાગ્યવંત કર પ્રભુ તું આર્ય નારને;
ઇષ્ટ અનિષ્ટને તું કાપ, કુમતિ બાળને.
લાજ વધારી, નિતી સુધારી.
લહાવો, સોહાવો. સુધારી સારને— ભાગ્યવંત૦
મર્યાદ હિંદની વધે,
ગણાય શ્રેષ્ટ તે બધે;
નસાડી કુમતિ, વસાવો સુમતિ,
ભાગ નકારો, સ્ત્રીઓનો ચારો.
ઇશ્વિરા સુધાર કાર વધારી પ્યારને— ભાગ્યવંત૦
શોક સમાવી, હર્ષ જમાવી,
ઉતાડો, સમુદ્ર પારને.
ત્રાતા અરજ મારી એ તું મોહ મારને— ભાગ્યવંત૦

સમાપ્ત.

# જાહેર ખબર.

આ પુસ્તકના પૂર્ણોપયોગી ઇચ્છકોને વિનંતિ કરવાની કે આપને જો તે ખરીદ કરવાની અપેક્ષા હોય, તો અમારા તરફ વેળાસર લખી જણાવવું.

ઉત્તમ પંક્તિવાળાઓને તે ત્વરાથી પ્રાપ્ત થઇ શકશે. આપના ઘણા એક સમુહમાં તે નનામા રૂપી અંધકારની સાથે તે ઓળખાઇ ગએલ છે. આપના પ્રિય બંધુજનોની આગળ નામાંકિત થવાને તે પોતાનો પોશાક પહેરી તૈયાર થઇ રહેલ છે. માટે ઊતાવળથી ખરીદી કરશો, એવી આશા છે.

આ નાટકમાં કેટલાંએક ગાયનની તરજો મનરવી છે. તેઓ ઘણાં રસીક અને સતાળીક છે.

જે સદગૃહસ્થોને આ પુસ્તક ખરીદ કરવાની ઇચ્છા હોય તેમણે રોકડી કીંમતે મંગાવી લેવાં, અગર વેલ્યુપેબલ પણ મોકલવામાં આવશે. નોટપેટ કાગળ લેવામાં આવશે નહીં.

**ભાઇલાલ મગનભાઇ પટેલ.**

સોજીત્રા.